તા. ૦૪.૦૮.૨૦૨૫
ગુજરાત સમાચાર પાના નં.૦૨

### દૈનિક ૧.૪૨ લાખ મુસાફરોની અવર-જવર

# અમદાવાદ મેટ્રોમાં એક મહિનામાં રેકોર્ડ ૪૩.૯૭ લાખ મુસાફરો

અમદાવાદ,રવિવાર

અમદાવાદીઓ માટે ટ્રાન્સપોર્ટેશનમાં ધીરે-ધીરે લાઈફલાઈન બનેલી મેટ્રો રેલમાં જુલાઈ મહિનામાં ૪૩.૯૭ લાખ મુસાફરો નોંધાયા છે. એક જ મહિનામાં મેટ્રોમાં નોંધાયેલા આ સૌથી વધુ મુસાફરો છે.

## આ વર્ષે સાત મહિનામાં જ ૨.૬૯ કરોડ મુસાફરો : ગયા વર્ષ કરતાં ૩૦ ટકાનો વધારો

મેટ્રોમાં આ વર્ષે પ્રથમ ૭ મહિનામાં કુલ મુસાફરોનો આંક ૨.૬૯ કરોડ થઇ ગયો છે. જેની સરખામણીએ ગયા વર્ષે પ્રથમ ૭ મહિનામાં ૧.૯૯ કરોડ મુસાફરો હતા. ગયા મહિનાની વાત કરવામાં આવે તો મેટ્રોમાં પ્રતિ દિવસે મુસાફરી કરનારાનો આંક ૧.૪૨ લાખ થઇ ગયો હતો. ગાંધીનગર સચિવાલય સુધી મેટ્રો દોડાવવાને પણ સારો પ્રતિસાદ મળ્યો છે. જાન્યુઆરીથી માર્ચ સુધી ગાંધીનગર રૂટથી મેટ્રોને રૂપિયા ૧૨ થી ૧૪ લાખની આવક થતી હતી.

**અમદાવાદ મેટ્રોમાં નોંધાયેલા મુસાફરો**

| વર્ષ | ૨૦૨૪ | ૨૦૨૫ |
|---|---|---|
| જાન્યુઆરી | ૨૭.૧૫લાખ | ૪૦.૨૧લાખ |
| ફેબ્રુઆરી | ૨૫.૩૮લાખ | ૩૪.૪૮લાખ |
| માર્ચ | ૨૬.૯૯લાખ | ૩૬.૩૦લાખ |
| એપ્રિલ | ૨૮.૫૦લાખ | ૩૭.૧૨લાખ |
| મે | ૩૧.૨૩લાખ | ૩૮.૩૭લાખ |
| જૂન | ૨૮.૧૧લાખ | ૩૯.૨૦લાખ |
| જુલાઇ | ૩૨.૧૬લાખ | ૪૩.૯૭લાખ |